# 22

### અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કૂપોષિત બાળકો

*15/4/517 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર**(દાણીલીમડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૫૬૯૪૧ |
| બોટાદ | ૬૦૩૮ |

| | | |
|---|---|---|
| (૨) | તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) (૨) તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૩૬૬૪ | ૧૩૨૭૭ | ૫૬૯૪૧ |
| બોટાદ | ૪૫૨૬ | ૧૫૧૨ | ૬૦૩૮ |

| | | |
|---|---|---|
| (૩) | ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| અમદાવાદ | ૩૫૧૬ | ------ |
| બોટાદ | ---- | ૨૬૦૨ |

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | (૪) | ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br>• રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.<br>• દૂધ સંજીવની યોજના અંતર્ગત બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઈઝડ ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે. |

----------------------------------------